ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા

# ખ-૭ ફાટક પર આડસ મુકવા માંગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખ-૭ પાસે આવેલ ફાટક માનવરહીત છે. દિવસમાં ચારવાર કોલસા ભરેલી માલગાડી પસાર થાય છે. જે જીઈબી પાવર હાઉસ ખાતે જાય છે. ત્યારે પહેલા આ માનવરહીત ફાટક પર સામાન્ય અવર જવર હતી. જયારે હાલના સમયે કોલેજ હોવાથી રોજના હજ્જારો વિદ્યાર્થીઓ આવન જાવન કરે છે. જેને પગલે ટ્રેન આવતી હોવા છતા વાહન વ્યવહાર ચાલુ રહેતો હોવાથી અકસ્માતનો ભય રહેલો છે. ત્યારે માનવરહીત ફાટક પર આડસ મુકવા નગરજનોએ માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં આવેલા મુખ્ય માર્ગો પરના રેલ્વે ફાટક પર આડસ ઉભી કરવામાં આવી છે. જેથી ટ્રેન પસાર થવાની હોય તે સમયે ફાટક બંધ કરી દેવામાં આવે છે, તમામ વાહન વ્યવહાર કે વ્યકિત ફાટક બહાર ઉભો કરી જાય છે અને ટ્રેન ગયા બાદ ફાટક ખોલવામાં આવે છે. જેથી રેલ્વે ટ્રેક પર અકસ્માતનો ભય નહીવત રહે છે. પરંતુ શહેરમાં કેટલાક સ્થળો પર માનવરહીત ફાટક આવેલા છે. જયાં ટ્રેનની અવરજવર દિવસમાં બે ચારવાર થાય છે. જેમાં સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી જીઈબી પાવર સ્ટેશનમાં કોલસા ભરેલી માલગાડી પસાર થાય છે તેમજ એન્જીન પણ આવન જાવન કરે છે. સે-૨૮ જીઆઈડીસી ખાતે પહેલા સામાન્ય ટ્રાફીક રહેતો હતો પરંતુ હાલના સમયે કોલેજ અને જીઆઈડીસીનો વ્યાપ વધતા ટ્રાફીક પણ વધી જવા પામ્યો છે. હાલમાં સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ખ-૭ પાસે આવેલ માનવરહીત રેલ્વે ફાટક દિન પ્રતિદિન જોખમી બની રહ્યું છે. અહીંથી પસાર થતા કોલેજીયનો ટ્રેન કે એન્જીન આવતુ હોવા છતા વાહન થોભાવતા નથી અને જવા દે છે. જેને પગલે અકસ્માતના ચાન્સ વધુ રહે છે. આ ફાટક પરથી રોજના હજ્જારો નાગરીકો તેમજ યુવાનો આવન જાવન કરતા હોવાથી આ ફાટક પર આડસ મુકવી ફરજીયા બની જવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા માનવરહીત ફાટક પર તાત્કાલીક ધોરણે આડસ ઉભી કરવામાં આવે તેવી નગરજનોમાં લોકમાંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● આજે વિક્રમ સંવત ૨૦૭૪ના જેઠ માસની શિવરાત્રી, રૂદ્રાભિષેક મંડળના ઉપક્રમે શ્રી વૈજનાથ મંદિર, સે-૨૧ ખાતે સાંજે ૫.૦૦ કલાકે ભગવાન આશુતોષને રૂદ્રાભિષેક અર્પણ કરવામાં આવશે.

# પાટનગરમાં તસ્કરોનો આતંક

## વધુ ચાર દુકાનો અને બે મકાનના તાળા તૂટ્યા

ગાંધીનગર, તા.૧૦

રાજયના પાટનગરમાં જાણે તસ્કરોનું રાજ આવી ગયું હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લા પોલીસ એક્શન પ્લાન બનાવીને થાકી ગઈ છે તેની સામે તસ્કર ટોળકી ડબલ જોશ સાથે શહેરના મકાનો અને દુકાનો ટાર્ગેટ બનાવીને



ચોરી કરી રહી છે. સઘન નાઈટ પેટ્રોલીંગની પોલીસની વાતો હવે મજાક બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરોએ ગઈકાલે જ વાવોલમાં ત્રણ દુકાનોના તાળા તોડ્યા હતા ત્યારે રાત્રિ દરમિયાન સેક્ટર-૨૭ ખાતે વધુ બે મકાનના અને એક દુકાનના તાળા તસ્કરો દ્વારા તોડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં ડિફેન્સ કોલોની નજીક આવેલી શોપિંગ સેન્ટર ખાતે સોમવારે રાત્રિ દરમિયાન એક મેડિકલ સ્ટોર અને એક જ્વેલર્સ સહિત ત્રણ દુકાનોના તૂટ્યા હોવાની વિગતો બહાર આવી છે. શટર નીચે જેક લગાવીને જેકથી શટર તોડી તસ્કરોએ ત્રણ દુકાનોમાં હાથફેરો કર્યો હતો. જોકે ત્રણેય દુકાનોમાંથી કોઈ મોટી માલમત્તા ચોરી ન હતી. આ ત્રણે દુકાનોની થયેલી ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. તો બીજી તરફ ગઈકાલે રાત્રી દરમિયાન પણ સેકટર-૨૭ ખાતે તસ્કર ટોળકીએ આતંક મચાવ્યો હતો. રાત્રી દરમિયાન તસ્કરો સેક્ટર-૨૭માં એક દુકાન અને બે મકાનોના તાળા તોડી જે હાથ લાગ્યું તે ઉઠાવીને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. સેકટર-૨૭ની એકતા કોલોનીમાં આવેલી એક દુકાન અને એક મકાનના તાળા તુટયા હતા જયારે સે-૨૭ની સ્વસ્તિક સોસાયટીના એક મકાનના પણ તાળા તુટયા હતા. સે-૨૭માં બંને મકાન તથા સિધેશ્વરી ડેરી નામની દુકાનના તાળા તોડી તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સદભાગ્યે આ ત્રણ જગ્યાએથી પણ ચોરોને હાથ કોઈ મોટી માલમતા લાગી ન હતી. આ ત્રણેય ઘરફોડ ચોરી મામલે પણ સ્થાનિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી નથી. તો બીજી તરફ વહેલી સવારે સેકટર-૨૭માં ત્રણ ત્રણ જગ્યાએ તૂટયા તાળાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા સ્થાનિકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને કોર્પોરેટર બરખાબેન જહાએ વસાહતીઓ લાગણીને સમજીને જિલ્લા પોલીસ અધિક્ષકને આજ આ મામલે ઉગ્ર રજૂઆત પણ કરી હતી. સે-૨૭માં છેલ્લા છ મહિનામાં ગુનાખોરી બમણી થઇ ગઇ હોવાથી આ વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવી પોલીસ પોઈન્ટ મુકવા પણ કોર્પોરેટર તથા વસાહતીઓએ સૂચન કર્યું હતું.

# સાઈબર ક્રાઈમના અધિકારીની ઓળખ આપી વિદ્યાર્થીને લૂંટી જનાર શખ્સો ઝડપાયા

## ફેસબુક ફ્રેન્ડ બનાવ્યા બાદ વિદ્યાર્થીને ત્રિમંદિર પાસે બોલાવી લૂંટી લેવાયો હતો

ગાંધીનગર, તા.૧૦

બે દિવસ પહેલા અડાલજ નજીક ત્રિમંદિર રોડ પર કોલેજીયન વિદ્યાર્થીને બોલાવીને સાયબર ક્રાઈમના અધિકારીની ઓળખ આપી તેને લૂંટી લેવાયો હોવાની ઘટના બનવા પામી હતી. લુંટ ચલાવનાર બે શખ્સો પૈકી એક ફેસબુક ફ્રેન્ડ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. ફેસબુક ફ્રેન્ડ બનાવ્યા બાદ સંપર્ક વધારીને વિદ્યાર્થીને ત્રિમંદિર પાસે બોલાવી અલગ-અલગ વિડીયો બતાવીને હજારની માગણી પણ કરી હતી અને તેની પાસે પૈસા ન હોવાથી તેનો મોબાઈલ લુંટીને આ બંને સખ્શો રફુચક્કર થઈ ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આ બંને લુટારૂંઓને દબોચી દીધા છે. લૂંટના ગુનામાં વપરાયેલી નંબર વગરની અલ્ટો કાર પણ એલસીબીની ટીમે જપ્ત કરી વધુ પુછપરછ શરૂ કરી છે.

બોરીજ ગામમાં રહેતો ૧૯ વર્ષીય વિદ્યાર્થી રોહિત તખુજી ખાંટ સેકટર-૧૫ની સરકારી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેણે પોતાના મોબાઈલમાં નક્ષ ત્રિવેદી તરીકેનું ફેસબુક એકાઉન્ટ ખોલ્યું હતું. આ ફેસબુક એકાઉન્ટ પર સંદીપ પટેલ નામના કોઈ વ્યક્તિની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. બંને ફેસબુક ઉપર મિત્રો બન્યા અને વાતચીત શરૂ કરી હતી. બે




દિવસ પહેલા સંદીપ પટેલે રોહિતને ત્રિમંદિર પાસે બોલાવ્યો હતો. ત્યારે સંદીપ પટેલ નંબર પ્લેટ વગરની અલ્ટો કાર લઈને આવ્યો હતો. રોહિતને કારમાં બેસાડી કાર અંબાપુર રોડ તરફ હંકારી મૂકી હતી અને રસ્તામાં આગળ જતાં અન્ય એક અજાણ્યો શખ્સ આ કારમાં બેઠો હતો. ત્યારબાદ બંને શખ્સોએ સાયબર ક્રાઈમના અધિકારી હોવાની ઓળખ આપી રોહિતને અલગ-અલગ વિડીયો બતાવ્યા હતા જે વિડીયો જોઈને રોહિત ગભરાઈ ગયો હતો. ત્યારબાદ આ બંને શખ્સોએ રોહિત પાસેથી રૂપિયા ૨૦ હજારની માગણી કરી હતી. રોહિતે ઘરે ફોન કરીને રૂપિયાની માગણી પર કરી પરંતુ સગવડ થઈ ન હતી. ત્યારબાદ રોહિત ને તેના જેવા અન્ય પાંચ મુરઘા શોધી આપવા જણાવી તેના ફેસબુક એકાઉન્ટ પરથી અન્યનો સંપર્ક કરી બોલાવ્યો હતો. આ યુવાન આવ્યો ત્યારે ઉપરોક્ત શખ્સોએ રોહિતને કારની બહાર દૂર રહેવા જણાવ્યું હતું અને નવા આવેલા યુવાનને પણ સંદીપ અને તેના સાગરીતે માર મારી પૈસાની માંગ કરી હતી પરંતુ તેની પાસેથી પણ પૈસાની વ્યવસ્થા થઈ ન હતી. ત્યારે રોહિતને બોલાવીને પૈસાની સગવડ નહીં થતા મોબાઈલ અને આધારકાર્ડ લૂંટી લઈ બન્ને શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી. ગાંધીનગર એલસીબી પી.એસ.આઈ ડી.ડી રહેવર અને તેમની ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના આધારે આ લૂંટ ચલાવનાર બન્ને શખ્સોને નંબર વગરની લૂંટમાં વપરાયેલી અલ્ટો કાર સાથે પકડી પાડયા હતા. મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલા ભાવપૂર ગામમાં રહેતા બન્ને શખ્સો વાસુ પુનાભાઈ રાવળ અને સુનિલ ભીખાજી ઠાકોરની અડાલજ ત્રિમંદિર પાસે આવેલા ત્રણ રસ્તાથી ધરપકડ કરી લીધી હતી. તેમણે ઉપરોક્ત ગુનાની કબૂલાત પણ કરી દીધી છે. આ સ્થળ ઉપર પણ આ બંને શખ્સો બીજા મુરઘા શોધવા આવ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

## વાતવાતમાં

● શહેરના સેકટર-૧૪માં એક કારચાલકે નિર્દયી રીતે કાર હંકારતા એક કૂતરાં પર ચઢાવી દીધી હતી જેના કારણે આ કૂતરાંની કમર ભાંગી જવા પામી હતી. આ કૂતરાંને પશુઓના ડૉક્ટર ડૉ. સ્નેહલ પ્રજાપતિએ પ્રાથમિક સારવાર આપી સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

● ન્યુ વાવોલમાં વિકેસલ સોસાયટી વિસ્તારમાં અક્ષર હોમ્સ ખાતે ગત એક જ સપ્તાહમાં સાત વખત સાપ નીકળવાની ઘટના સર્જાઈ હતી. દરેક સાપને સોસાયટીના યુવાનો દ્વારા સલામત રીતે પકડીને દૂર જંગલના વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યા હતા.

## સે-૫-સીમાં ગટર ઉભરાતા ૧૧ વખત ફરિયાદ કરી છતાં પરિણામ શૂન્ય

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૫-સીના ૧૬૭૧/૧, ૧૬૭૨/૧, ૧૬૭૨/૨, ૧૬૭૩/૧ અને ૧૬૭૪/૧ના રહીશોએ અઠવાડિયામાં ૧૧ વખત ફરિયાદ કરી હતી કે રોડ સાઈડના મેનહોલની સફાઈ ન થતાં ગટર ઉભરાઈ રહી છે. પરંતુ સેકટર-૩ ગટર ઈન્કવાયરી દ્વારા નિરાકરણ થતું નથી. ઉચ્ચ અધિકારીઓ તોછડા જવાબ આપે છે. મેનહોલના ગંદા પાણી ઘરોમાં ઘુસી જાય છે તેમ છતાં ઘરછોડીને શૌચક્રિયા માટે કયાં જવું? તેમજ રોગચાળો ફાટી નીકળવાનો ભય રહેલ છે.

રહેવાસીઓ બધા અધિકારીઓને મળ્યા તેમ છતાં સંતોષકારક ઉકેલ આવતો નથી આથી રહેવાસીઓ માનસિક રીતે ત્રાસી ગયા છે. તો આ બાબતે તાત્કાલિક યોગ્ય કરવા સેકટર-૫-સીના રહેવાસીઓની લાગણી અને માંગણી છે.

# સિવિલના રાત્રીના સમયે લેબ કર્મચારીઓ આરામના મુડમાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગમાં દર્દીઓનો ધસારો રહે છે. ત્યારે સિવિલમાં દર્દીઓ હોવાથી રાત્રીના સમયે પણ દિવસ જેવો માહોલ જોવા મળે છે. પરંતુ લેબોરેટરી વિભાગમાં નાઈટ શીફટમાં કામ કરતા કર્મચારીઓ આરામના મુડમાં હોય તેમ લાગી રહ્યું છે. સિવિલમાં આવતા દર્દીના સગાઓને વોર્ડમાંથી બ્લેડ સેમ્પલ લઈને મોકલવામાં આવે છે પરંતુ લેબ વિભાગ આખો અલગ કરી દેવાયો છે તો બીજી તરફ રાત્રીના સમયે લેબોરેટરી વિભાગમાં અંધકાર હોવાથી દર્દીના સગાઓ જતા પણ ડર અનુભવી રહ્યા છે. રાત્રીના સમયે દર્દીના સગા બ્લડ સેમ્પલ આપ્યા વિના પરત વોર્ડમાં જતા રહે છે. જયારે સવારે ફરીવાર દર્દીના સગા સેમ્પલ આપવા લેબોરેટરીમાં જવુ પડે છે. ત્યારે તંત્રના અધિકારીઓએ આ અંગે ધ્યાન રાખવું જરુરી બન્યું છે.

સિવિલના અંતરંગ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાત્રીના મોટા ભાગે ૧ વાગ્યા બાદ લેબોરેટરીના કર્મચારીઓ લાઈટ ડુલ કરીને સુઈ જાય છે. જયારે દર્દીના સગા દ્વારા લેબોરેટરીના દરવાજો ખખડાવવામાં આવે ત્યારબાદ દરવાજો ખોલીને દર્દીના સેમ્પલ લેવામાં આવે છે. ત્યારે આવી પરિસ્થિતિમાં દિવસે ફરજ બજાવતા કર્મચારીઓ પર પણ કામનું ભારણ વધી જવા પામે છે. જયારે નાઈટ શીફટમાં કામ કરતા કર્મચારીઓને ભાગે માત્ર ગણતરીનું કામ કરવુ પડે તેવી સ્થિતી છે. ત્યારે દર્દીના સગાઓની માંગ છે કે રાત્રીના સમયે પણ લેબોરેટરીની લાઈટો ચાલુ રાખવામાં આવે. જયારે કેટલાક સગાઓ તો અંધકાર હોવાથી ડરના માર્યા લેબ સુધી ગયા પહેલા વોર્ડમાં પરત ફરી જતા હોય છે.

# અડાલજ ડાયમંડ કાફેમાં યુવાધને મોન્સુન ડી.જે.પાર્ટીની મોજ માણી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ શ્રેયા ફાર્મ ખાતે ડાયમંડ કાફે દ્વારા ત્રિદિવસીય મોન્સુન ડી.જે. પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોન્સુન પાર્ટીમાં ૨૦૦૦ થી વધુ યુવાધને લાઈવ ડીજેના તાલે નાચવાની-જમવાની તેમજ વિવિધ રમતો રમવાની મજા માણી હતી. આ મોન્સુન પાર્ટી જુલાઈ માસના દર શુક્ર, શનિ અને રવિવારના રોજ યોજાશે. જેમાં ગુજરાતભરના નામાંકિત ડી.જે. સંગીતના તાલે યુવાધનને ડોલાવશે.

ગાંધીનગર નજીક અડાલજ ખાતે આવેલ શ્રેયા ફાર્મ ખાતે ડાયમંડ કાફે દ્વારા વિકેન્ડ મોન્સુન પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૬, ૭, અને ૮



જુલાઈના રોજ રાજયના ખ્યાતનામ ડીજે આવ્યા હતા અને પોતાના મ્યુઝીકના તાલે યુવાધન નાચી ઉઠ્યું હતું. કુદરતી વાતાવરણમાં સંગીતના તાલે યુવાધને નાસ્તાની અને જમવાની મોજ માણી હતી. ડીજે પાર્ટીની સાથે સાથે યુવા વર્ગે લોનમાં વિવિધ રમતોની પણ મજા માણી હતી. જયારે કેટલાક યુવાનોએ સ્વીમીંગપુલનો આનંદ માણ્યો હતો. રાજયભરના જાણીતા ડીજેમાં તા. ૬ ના રોજ વીશટેક, તા.૭ ના રોજ ડીજે કહાન એન્ડ બોની તેમજ તા.૮ ના રોજ ડીજે તરલે ધુમ મચાવી હતી. આ મોન્સુન પાર્ટીમાં પ્રવેશ વિનામુલ્યે છે. ત્રણ દિવસમાં મોન્સુન પાર્ટીની ૨૦૦૦ થી વધુ યુવાધને મોજ માણી હતી. જયારે આગામી શુક્ર, શનિ અને રવિવારના રોજ પણ રાજયના નામાંકિત ડીજે ઉપસ્થિત રહેશે તેમ ડાયમંડ કાફેના સંચાલક જીગર ત્રિવેદીએ જણાવ્યું છે.

## સ્મિત મ્યુઝિક દ્વારા રવિવારે 'છલીયા મેરા નામ' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૦

સ્મિત મ્યુઝિક ગ્રુપ ગાંધીનગર દ્વારા શહેરના ઉત્કૃષ્ટ ઉગતા કલાકારોને લઈને કલ્યાણજી આણંદજી સ્પેશિયલ ફિલ્મી ગીત સંધ્યા 'છલીયા મેરા નામ'નું ગુજરાતી સંગીત બેલડી કલ્યાણજી આણંદજીના સુમધુર ગીતની ભવ્ય નાઈટનું રવિવાર તા. ૧૫-૭-૨૦૧૮ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે આંબેડકર હોલ ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેસીઆઈ ગાંધીનગર, વૃંદાવન સ્વીટ, ટીએમયુ બ્રાન્ડીંગ, કિશોર કલાસીસ, ડીજે અભી સાઉન્ડના સહયોગથી યોજાનાર આ શોમાં પ્રવેશ નિઃશુલ્ક છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મહાનુભાવો-સ્થાનિક સંસ્થાના વડાઓ પ્રોત્સાહન આપવા માટે પધારશે એમ સ્મિત મ્યુઝીક ગૃપ સંચાલક જયોતિ ગજ્જર તેમજ ભરત ગજ્જરે જણાવ્યું છે.

# આલમપુરના વિદ્યાર્થીઓ માટે સીટીબસની સુવિધા





ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના પાદર આવેલ આલમપુર ગામના વિદ્યાર્થીઓ, ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં ધોરણ-૧૧ અને ૧૨માં ઉચ્ચતર વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર મહાનગર પાલિકાના યોગી એજયુટ્રાન્ઝીસ્ટીટ પ્રા.લી.ની કંપનીની સીટી બસની સુવિધા ઉપલબ્ધ થતાં વિદ્યાર્થીઓમાં આનંદ અને રાહતની લાગણી છવાઈ છે.

યોગી કંપની બસનો શુભારંભ સમારોહ ક્ષત્રિય ઠાકોર સેનાના ઉપક્રમે યોજાયો હતો. આ પ્રસંગે આલમપુર ગામના નિવૃત્ત આર્મીમેન વિજયભાઈ પટેલના હસ્તે સીટી બસની રીબીન કાપી બસનો પ્રારંભ કરાયો હતો.

ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો અને કાર્યકરોના પ્રયાસથી ગામના ૫૦ થી ૬૦ વિદ્યાર્થીઓને ચિલોડા શાળામાં સવારે ૧૦.૩૦ વાગે અને સાંજે ૫.૦૦ કલાકે પરત ફરવા આલમપુરથી ચિલોડા બસની વ્યવસ્થા કરાયેલી છે જેનાથી વિદ્યાર્થીઓની સલામતી અને સમય જળવાશે તેવું હોદ્દેદારોએ જણાવ્યું હતું.

સીટીબસ પ્રારંભ સમારોહમાં ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો જગતસિંહ, જવાનજી ઠાકોર, વિરમજી ઠાકોર ગામના સરપંચ સૂર્યાબેન, રાજુજી ઠાકોર (આદરજ), ટીનાજી ઠાકોર, મહેશજી ઠાકોર, ગણપતજી સહિત મોટી સંખ્યામાં સેનાના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગામના નિવૃત્ત આર્મીમેન વિજય પટેલ તેમજ શાળાના શિક્ષકોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગી કંપનીના મેનેજર અરવિંદસિંહ ચાવડા ખાસ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર શહેર અને ગ્રામ્ય જિલ્લા કક્ષાની શાળાકીય અંડર- ૧૯ સ્વીમીંગ સ્પર્ધા ૧૬મીએ યોજાશે

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની શાળાકીય અંડર- ૧૯ સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન તા.૧૬મી જુલાઈ, ૨૦૧૮ ના રોજ સવારના ૮.૦૦ કલાકે સચિવાલય જીમખાના, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ અંગે ખેલાડીઓ તેમજ શાળાના વ્યાયામ શિક્ષક- આચાર્યએ ધ્યાને લેવું. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી-વિંગ, છઠ્ઠોમાળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧ ખાતે કચેરીના સમય દરમ્યાન રૂબરૂમાં સંપર્ક કરી શકશે. તેમજ ફોન નંબર ૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરી શકાશે, તેવું જિલ્લા રમત ગમત અધિકારી શ્રી વી.બી.દત્તાએ જણાવ્યું છે.




## રાજયકક્ષાની રોલબોલ ટૂર્નામેન્ટનું સમાપન

તાજેતરમાં વડોદરા ખાતે રોલબૉલ રમતની અન્ડર-૧૪ કેટેગરી માટેની બૉયઝ અને ગર્લ્સ બંને વિભાગની રાજયકક્ષાની ટૂર્નામેન્ટ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં રાજયભરમાંથી ૧૬૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં બૉયઝમાં સુરત ગ્રામ્યની ટીમ પ્રથમ ક્રમે, અમદાવાદની ટીમ દ્વિતિય ક્રમે અને સુરત શહેર તૃતીય ક્રમે વિજેતા બની હતી. આ ટૂર્નામેન્ટમાં રૉલબૉલ એસોસિએશનના પ્રમુખ ધર્મેશ પરમાર, મંત્રી દિવ્યેશ ગોહીલ તથા ખજાનચી આનંદ કાપડિયાએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## ચિરવિદાય

- સ્વ. રબારી રામજીભાઈ ગોવાભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. રીનાબેન ભગવાન મિલન યાદવ, ઉ.વ. ૩૭
- સ્વ. કાન્તાબેન રમણભાઈ પરમાર, ઉ.વ. ૬૦